# Telephone Conversation between PM and King of the Kingdom of Bahrain

April 06, 2020

## વડાપ્રધાન અને બહરેનનાં રાજા વચ્ચે ટેલીફોન પર વાતચીત

એપ્રિલ 06, 2020

આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ બહરેનનાં રાજા મહામહિમ હમાદ બિન ઈસા અલ ખલિફા સાથે ટેલીફોન પર વાતચીત કરી હતી.

બન્ને નેતાઓએ ચાલું કોવિડ-19 આરોગ્યની કટોકટી અને લોજિસ્ટિકલ શૃંખલા અને આર્થિક બજારો સહિતનાં તેનાં પરિણામો પર ચર્ચા કરી હતી.

મહામહિમ રાજાએ ભારતનાં વડાપ્રધાનને વર્તમાન આરોગ્યની કટોકટી દરમિયાન બહરેનમાં વિશાળ ભારતીય સમુદાયની સુખાકારી તરફ તેનું અંગત ધ્યાન આપવાની ખાતરી આપી હતી. ભારતીય નાગરિકો તરફ બહરેનનાં સત્તાધિકારીઓએ હંમેશા દાખવેલી સંભાળ અને સ્નેહ બદલ વડાપ્રધાને હ્રદયપૂર્વકની પ્રશંસા વ્યક્ત કરી હતી.

બન્ને નેતાઓ સંમત થયા હતા કે તેઓનાં અધિકારી નિયમિત સંપર્કમાં રહેશે અને કોવિડ-19 નાં પડકારોનો ઉકેલ મેળવવા માટે પરસ્પરને સંભવિત સંપૂર્ણ સહયોગ આપવાનું સુનિશ્ચિત કરશે.

વડાપ્રધાને મહામહિમ રાજાને જણાવ્યું હતું કે ભારત બહરેનને તેનાં વિસ્તૃત પાડોશનો એક મહત્વનો હિસ્સો માને છે. તેણે ગત વર્ષે લીધેલી બહરેનની મુલાકાતને પણ સસ્નેહ યાદ કરી હતી.

**નવી દિલ્હી**
**એપ્રિલ 06, 2020**

DISCLAIMER : This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.